## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મમ્મી..આનો મતલબ એમ કે અમારે દિવાળીમાં દશ વાગ્યા પછી આ કોથળીમાં હવા ભરી ધડામ... જ કરવાનું...!!

### દિવાળીના આગમન પૂર્વે

# મીઠાઈ-ફરસાણના વેપારીઓ માટે જાગૃતિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૭

દિવાળીના તહેવારમાં મિઠાઈ સહિતની અનેક પ્રકારની વાનગીઓ આરોગવાનું અનેરૂ મહત્વ હોય છે. જો કે બજારમાં મળતી તૈયાર મિઠાઈઓ તથા વાનગીઓમાં ક્યારેક ભેળસેળના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર ખતરો પેદા થાય છે.

ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી દ્વારા આ બાબતને અનુલક્ષીને શુક્રવારે સેક્ટર-૧૧માં રાધે બેન્કવેટ ખાતે શહેરના નાના મોટા સ્વીટ-ફરસાણના વેપારીઓ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

એફડીસીડબલ્યુસી દ્વારા આયોજિત અવેરનેસ કાર્યક્રમમાં શહેરના સ્વીટ્ અને ફરસાણના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં ખાદ્ય પદાર્થો અંગે નિયત સરકારી ધારાધોરણ તથા નિયમો અંગે માહિતી આપી ચર્ચા કરવામાં આવી હતી તેમજ ગ્રાહક અને વેપારી વચ્ચે ઉદ્ભવતા પ્રશ્નો અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એફડીસીડબલ્યુસીના નેશનલ પ્રેસિડેન્ટ સુધીર મોરે, જનરલ સેક્રેટરી અનિલ મોરે, ગાંધીનગરના પબ્લિક હેલ્થ સેલના પ્રેસિડેન્ટ દિપક વ્યાસ વગેરેએ વેપારીઓને મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ અંગે માહિતગાર કર્યા હતા. આ સાથે આવનારા દિવસોમાં મિઠાઈ ફરસાણને લગતા આવી રહેલા નવા નિયમો અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

# સેક્ટર-૩માંથી વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૩માંથી વધુ એક કેસ સ્વાઈન ફ્લુનો મળતા શહેરમાં આ સિઝનમાં આ રોગના દર્દીઓની સંખ્યા ૧૧ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ૮૫ વર્ષીય વૃદ્ધાને આજે સ્વાઈન ફ્લુ પરીક્ષણમાં પોઝીટીવ જણાયેલ છે. જેમને હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવેલ છે. જ્યાં તેમની તબિયત સ્થિર બતાવાઈ રહી છે.

સે. ૩માંથી આ ૪થો કેસ મળતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આ બાબતે તંત્રએ પણ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. જો કે કોઈ શંકાસ્પદ કેસ મળ્યો નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# સે-૬થી ૮ ના રીંગ રોડની સુધારણાનું કામ દિવાળી પર્વ બાદ હાથ ધરાશે

## શહેરના જુના સેકટરોમાં બાકી માર્ગ સુધારણાનાં કામો પણ હજુ અધ્ધરતાલ

ગાંધીનગર તા ૨૭

શહેરમાં હાલ માર્ગ સુધારણાના કામો હાથ ધરયા છે.જયારે હાલ ચ માર્ગની સુધારણાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં નવા સેકટરોમાં સે-૬ થી ૮ના રીંગ રોડની સુધારણાનુ કામ પણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત અન્ય રસ્તાઓના કામો પણ દિવાળી બાદ હાથ ધરાશે.

શહેરમાં વાઈબ્રન્ટ પુર્વે હાલ તબક્કારવા રસ્તાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ શહેરમાં માર્ગ સુધારણા ઉપરાંત બ્યુટીફીકેશન તેમજ રોડ ફર્નિચરની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે હાલ વરસાદી દિવસોના અંતે શહેરના મુખ્યમાર્ગોની સુધારણાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં ચ માર્ગનુ કામ ચાલુ છે. જયારે ત્યારબાદ રોડ નં-૫ અને રોડ નં-૭ ની સુધારણા માટે પણ કામગીરી હાથ ધરાશે. અગાઉ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ ધરાયુ હતુ. જો કે નવા સેકટરોમાં સે -૧ થી ૫ માં જ આંતરિક માર્ગોનુ કામ પુર્ણ થયુ છે. જયારે અન્ય સે-૬ થી ૮ માં આંતરિક માર્ગો તેમજ રીંગ રોડનુ કામ બાકી છે.

નગરના જુના સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી અન્વેય તંત્ર કક્ષાએથી રજુ કરવામાં આવેલી દરખાસ્ત પેન્ડીંગ છે. જેનો નિકાલ ન આવતા માર્ગ સુધારણાની બાકી કામગીરી હજુ સુધી થઈ શકી નથી. બીજીતરફ સે-૬ થી ૮ માં આંતરિક માર્ગ સુધારણા ઉપરાંત રીંગ રોડને ચકાચક કરવા માટે પણ અગાઉ કામને મંજુરી આપવામાં આવી હતી. પરંતુ વરસાદી દિવસોના લીધે ચોમાસાના અંતે કામ હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. જયારે હાલ શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે દિવાળી બાદ નગરના સે-૫ થી ૮ માં પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે. જેમાં રીંગ રોડનુ કામ પુર્ણ કરી દેવાશે શહેરના આ સેકટરોમાં છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી રસ્તાના કામો થયા નથી. ત્યારે હવે મંજુર કામગીરી ઝડપથી પુર્ણ કરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે જયારે આગામી દિવસોમાં જ માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાવ્યું છે.

# આજે શહેરમાં એકતા યાત્રાના આગમન નિમિત્તે હાસ્ય દરબાર

ગાંધીનગર, તા. ૨૭

દેશની એકતા અને અખંડીતતાનાં શિલ્પી ગુજરાતનાં પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલને વિશ્વ સમસ્તમાં યથોચિત આદરાંજલિ આપવા ગુજરાતના કેવડીયા ગામ નજીક સાધુ બેટથી સરદાર સાહેબનો એકતા અને અખંડિતતાનો સંદેશ દુનિયાભરમાં ફેલાવવા માટે સરકાર દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં ઓક્ટોબર તથા નવેમ્બર માસમાં "એકતા યાત્રા"ની ઉજવણી કરવાની થાય છે. જે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૧૦/૨૦૧૮ અને તા.૨૯/૧૦/૨૦૧૮નાં "એકતા રથયાત્રા" કાર્યક્રમ યોજાનાર છે. જેમાં તા.૨૮/૧૦/૨૦૧૮નાં રોજ સમય બપોરે ૧૫.૦૦ કલાકે ગાયત્રી મંદિર, સેકટર-૧ ખાતે "એકતા રથયાત્રા"નું સ્વાગત કર્યા બાદ ગાંધીનગર મહાનગરપાલિકાનાં વોર્ડ નં. ૧ થી ૮માં નક્કી કરેલા રૂટ ઉપરનાં સ્થળોએ "એકતા રથયાત્રા"ની ઉજવણી દરમ્યાન રથયાત્રા અને અન્ય સાંસ્કૃતિક કાયયક્રમો યોજાશે. તમામ નાગરીકોને તેમજ સામાજિક સંસ્થાઓ- ધાર્મિક સંસ્થાઓ- એન.જી.ઓ.- વેપારી વર્ગોને 'એકતા રથયાત્રા' કાર્યક્રમમાં સહભાગી થવા તેમજ સહયોગ આપવા અપીલ છે. "એકતા રથયાત્રા" કાર્યક્રમમાં તા.૨૮/૧૦/૨૦૧૮નાં રાત્રીનાં ૨૦.૦૦ કલાકે ઉમિયા માતાજીનાં મંદિર, સેકટર-૧૨ ખાતે ગુજરાતનાં ખ્યાતનામ કલાકારો શાહબુદ્દીન રાઠોડ તથા જગદીશ ત્રિવેદીનો હાસ્ય દરબાર કાર્યક્રમ રાખવામાં આવેલ છે, જેમાં ગાંધીનગર શહેરની તમામ જાહેર જનતાને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

# પીડીપીયુ ખાતે યોજાયો એસપીએસએસ વર્કશોપ




ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરની પીડીપીયુ સલંગ્ન સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના સોશિયલ સાયન્સ ડિપાર્ટમેન્ટના લાયબ્રેરી અને ઈન્ફોર્મેશન સેન્ટર દ્વારા તાજેતરમાં સંશોધન ક્ષમતા નિર્માણ અભ્યાસના ભાગરૂપે બે દિવસીય પ્રશિક્ષક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લાયબ્રેરી અને વર્કશોપ કો.ઓર્ડિનેટર સંદીપ પાઠક દ્વારા સઘન માહિતી પ્રદાન કરવામાં કરવામાં આવી હતી.

ખાસ કરીને પીડીપીયુ દ્વારા વસાવવામાં આવેલા એસપીએસએસ સોફ્ટવેરને કેન્દ્રમાં રાખીને આ વર્કશોપ યોજવામાં આવ્યો હતો જેમાં ડૉ. નૌશીન નિઝામીએ પણ માહિતી પ્રદાન કરી હતી.

# છાલામાં એકતાયાત્રા રથનું ભવ્ય સ્વાગત

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના પૂર્વ ગ્રામ્ય વિસ્તાર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથી ૩૧ ઓકટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ પૂર્વે દેશની એકતા અને અખંડિતતાના પ્રતિક સમા એકતારથ પરિભ્રમણ દ્વારા ભવ્ય સંદેશા સાથે ઠેર ઠેર સરદાર સાહેબને ઐતિહાસિક ભાવાંજલિ આપવામાં આવી રહી છે.

જેના ભાગરૂપે તાલુકાના છાલા ગ્રામ પંચાયત તથા શેઠ કે.એમ. સર્વોદય હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે એકતાયાત્રાનું ભવ્ય સ્વાગત સમારોહ યોજાયો હતો. જેમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, શ્રીમતી રમીલાબેન બારા, સરપંચ શ્રીમતી ચંચળબેન પટેલ, કેળવણી મંડળના પ્રમુખ એમ. બી. પટેલ, નાથુભાઈ ચૌધરી, આચાર્ય આર.એસ. ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

એકતાયાત્રા રથનું સરપંચ દ્વારા કુમકુમ તિલક અને ફૂલહારથી ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવો દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે આગેવાનો, કાર્યકરો, હોદ્દેદારોને શપથ લેવડાયા હતા.






ગાંધીનગરમાં શનિવારની સવારે અંદાજે એક હજાર જેટલા યુવાનોએ એક સાથે દોડ લગાવી હતી. ઈન્ફોસિટી વિસ્તારની ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓ દ્વારા 'હમ ફીટ તો ઈન્ડિયા ફીટ' થીમ આધારિત આયોજિત ૭ કિમીની યુથ રનને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સેક્રેટરી ડી.ડી. કાપડિયા તથા ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર ડૉ. કે.એસ. દાસગુપ્તાએ લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતું. યુથ રન ડીએઆઈઆઈસીટીથી પ્રારંભ થઈ ઘ-૩ પથિકાશ્રમ સર્કલ સુધી ગયા બાદ તેજ રૂટ પર પરત ફરી હતી.

# એકતાયાત્રા રથનું ઈસનપુર મોટા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

ચિલોડા, તા. ૨૭

૩૧મી ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ થવા જઈ રહ્યું છે ત્યારે લોકાર્પણ પૂર્વે સરદાર વલ્લભભાઈ પટેલનો એકતા અને અખંડિતતાનો ભવ્ય સંદેશ સમગ્ર રાજ્યના ૧૦ હજાર ગામોમાં એકતા રથના પરિભ્રમણ દ્વારા સરદાર સાહેબને ઐતિહાસિક અંજલિ આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગાંધીનગર તાલુકામાં એકતા યાત્રા તા. ૨૬-૧૦-૨૦૧૮ના રોજ મગોડી, ઈસનપુર મોટા, શિહોલી મોટી, ધણપ, ગિયોડ, છાલા, ચંદ્રાલા, મોતીપુરા, જાખોરા, દશેલા તેમજ તા. ૨૭-૧૦-૨૦૧૮ના રોજ ડભોડા, વડોદરા, ગલુદણ, સોનારાડા, વિરાતલાવડી, વજાપુરા, રાયપુર, લીંબડીયા, ફિરોજપુર અને વલાદ મુખ્યત્વે ગામોમાં એકતારથનું પરિભ્રમણ દરમ્યાન ઠેર ઠેર ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યં હતું.

જ્યારે ઈસનપુરા મોટા ગામે ગુજરાતના પનોતા પુત્ર લોખંડી મહાપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને ઐતિહાસિક ભાવાંજલિ આપવા માટે ગામની સ્થિત ગ્રામ પંચાયત એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ, શ્રી પ્રગતિ મંડળ સેવા સહકારી મંડળી, દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા સમગ્ર ગ્રામજનો દ્વારા એકતા રથયાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતું.

# આલ્કોક એશડાઉનને તાળાં પણ કર્મચારીઓના પગાર ચાલુ

## નાણામંત્રી પાસે ફાઈલ પેન્ડીંગ હોવાની માહિતી વચ્ચે કંપનીની મશીનરીનું શું કરવાનું છે તેનો કોઈ નિર્ણય લેવાયો નથી : ૬૦ કર્મચારીઓને કામ વિના મફતનો પગાર ચૂકવાય છે અને અસ્કયામતોની સ્થિતિ કથળતી જાય છે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતની માલિકીની કંપની આલ્કોક એશડાઉનને બંધ કર્યા પછી તેની મશીનરીના ડેપ્રિશિયેશન અને કર્મચારીઓના પગારનો બોજ વધતો જાય છે છતાં રાજ્ય સરકાર તરફથી તેની કાર્યવાહી કરવામાં આવતી નથી. એકમ બંધ કર્યા પછીની પ્રક્રિયા નાણા વિભાગના પરામર્શમાં રહીને કરવાની થકી હોવા છતાં નાણા મંત્રી પાસે આ કંપનીની ફાઈલ છેલ્લા અઢી મહિનાથી અટવાયેલી છે.

આલ્કોક એશડાઉનના એક અધિકારીએ કહ્યું હતું કે સરકારે આ કંપની તો બંધ કરી દીધી છે પરંતુ તેના ૬૦ જેટલા કર્મચારીઓને પ્રતિમાસ પગાર અને ભથ્થાંની ચૂકવણી કરવામાં આવે છે તેથી સરકાર પર બોજો વધતો જાય છે. બીજી તરફ મશીનરી કામ વિનાની પડી રહેતાં તેની મરામતનો પ્રશ્ન પણ ઉભો થયો છે. એક મહિનામાં સરકારને અંદાજે ૫૦ લાખ રૂપિયાનું નુકશાન થઈ રહ્યું છે.

આલ્કોક એશડાઉન કંપની શિપ બિલ્ડીંગનું કામ કરતી હતી. આ કંપનીને ભૂતકાળમાં ઈન્ડિયન નેવી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, વિવિધ પોર્ટ અને વિભાગોની કામગીરીના ઓર્ડર મળી ચૂક્યાં છે. રાજ્ય સરકારના નિર્ણય પછી ઉદ્યોગ વિભાગે આ એકમને બંધ કરવાનો નિર્ણય લઈ લીધો હતો અને તેની મશીનરી તેમજ કર્મચારીઓના સેટલમેન્ટની કાર્યવાહી શરૂ કરી હતી.

આ કંપની પાસે ઈન્ડિયન નેવીના જહાજો બાંધવાનો ૬૫૦ કરોડનો ઓર્ડર હતો અને કંપનીએ ૧૦૦ કરોડના ખર્ચે એક જહાજનું નિર્માણ કર્યુ છે પરંતુ બાકીના પાંચ જહાજો પેન્ડીંગ હતા. સરકારે કંપનીને બંધ કરી ત્યારે એવું નક્કી કર્યુ છે કે નેવીના બાકીના પાંચ જહાજોનું કામ હવે ગુજરાત મેરીટાઈમ બોર્ડ કરશે. સરકારે શટડાઉનનું કારણ આપતાં કહ્યું હતું કે- આ કંપની ઘણાં લાંબા સમયથી ખોટ કરતી હતી તેથી ઈન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ-૨૦૧૬ની જોગવાઈ પ્રમાણે શરતોને આધીન બંધ કરવામાં આવી છે.

૧૯૭૫માં કેન્દ્ર સરકાર હસ્તકની આ કંપની શરૂ કરવામાં આવી હતી. ૧૯૭૮માં તેનું ખાનગીકરણ કરવામાં આવ્યા પછી ૧૯૯૪માં આ કંપનીને ગુજરાત સરકાર હસ્તક લઈ લેવામાં આવી હતી. આ કંપનીએ અત્યાર સુધીમાં ૨૫૭ શિપ બનાવ્યા છે પરંતુ તેની ખોટનો આંકડો વર્ષોવર્ષ વધતો જતો હતો અને સરકારને મોટી ખોટ સહન કરવી પડતી હતી તેથી આખરે સરકારે આ કંપનીને તાળાં મારી દીધાં છે.

કંપની જ્યારે બંધ કરવામાં આવી ત્યારે સરકારે ખાત્રી આપી હતી કે આલ્કોક એશડાઉનના કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિના લાભ નહીં મળે પરંતુ તેમને નિયમાનુસાર લાભ આપી છૂટા કરવામાં આવશે. બીજી તરફ ભાવનગરની કંપનીની અસ્કયામતો, જમીન અને સાધનસામગ્રી જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડને સોંપવામાં આવશે. કંપનીની લોન અન્ય અન્ય સાધન સામગ્રી સામે સિક્યોર કરવાની કાર્યવાહી મહેસૂલ વિભાગના પરામર્શમાં રહીને કરવાના રહેશે. ચાંચની જમીન કલેક્ટરને આપી બાકીની સાધનસામગ્રી સહિતની લિગલ કાર્યવાહી મેરીટાઈમ બોર્ડે કરવાની રહેશે.

ઉદ્યોગ વિભાગમાં તમામ બાબતો નક્કી થઈ ગઈ હતી અને ફાઈલ નાણા વિભાગમાં મોકલવામાં આવી હતી છતાં કંપનીને બંધ કર્યા પછીની કાર્યવાહીમાં વિલંબ થઈ રહ્યો છે જેના કારણે સરકાર પર ૬૦ કર્મચારીઓ તેમજ મશીનરીના ડિપ્રેશિયેશનનું મહિને ૫૦ લાખ રૂપિયાનું ભારણ આવ્યું છે.

આલ્કોક એશડાઉનના કર્મચારીઓએ એવી માગણી કરી હતી કે તેમને જીએમબીમાં સમાવેશ કરવામાં આવે તેમ છતાં સરકારે કર્મચારીઓનો નિર્ણય નાણા વિભાગ ઉપર છોડ્યો છે પરંતુ ફાઈલ ક્લિયર ન થતાં બંધ કરેલી કંપની પેટે સરકારને ત્રણ મહિનામાં દોઢ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે.

## પ્રથમ માસીક પુણ્યતિથિ



બી. વી. નાગેશ
જન્મ. તા. ૩-૧૦-૧૯૬૨ ● સ્વ. તા. ૨૮-૯-૨૦૧૮

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેમણે કરેલા સત્કર્મો જીવે છે.
ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

૧૯૭૭ સેન્ટ ઝેવિયર્સ એન્ડ માઉન્ટ કાર્મેલ બેચ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ટચૂકડી જાહેર ખબર
વાઘેલા ક્લિનીંગ
દરેક પ્રકારના સોફા, ઓફીસ ચેર, ટોયલેટ, બાથરૂમ, કિચન, ચીમની, સ્પેશ્યલ ક્લિનીંગ માટે
મો. ૯૮૨૪૯ ૫૯૦૧૫

મકાન વેચવાનું છે
પ્લોટ નં. ૧૦૦૦/૨, સેક્ટર-૭/સી, ગાંધીનગર
૯૮૭૯૫૩૩૮૦૮
શ્રી એચ. એન. દરજી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ